# એસ.યુ.જી. કોલેજ ઓફ એજ્યુકેશન
# વાસણા – અમદાવાદ

ડો.અશોક પટેલ

# માનવ વિકાસના તબક્કા




- ગર્ભાવસ્થા .............ગર્ભાધાનથી જન્મ
- શિશુ અવસ્થા ............ જન્મથી 6 વર્ષ
- કિશોરાવસ્થા ............. 6 થી 12 વર્ષ
- તરુણાવસ્થા ............. 12 થી 18 વર્ષ
- યુવાવસ્થા ............. 18 થી 40 વર્ષ
- પ્રૌઢાવસ્થા ............. 40 થી 60 વર્ષ
- વૃદ્ધાવસ્થા ............. 60 થી વધુ

# શિશુ અવસ્થા ....... જન્મથી 6 વર્ષ









# શિશુ અવસ્થાના લક્ષણો

## શારીરિક લક્ષણો

- શારીરિક વિકાસ ઝડપી
- વજન – જન્મ સમયે છોકરાનું 3 કિગ્રા અંતે ૨૦ કિગ્રા

  છોકરીનું વજન ઓછું
- ઊંચાઈ : જન્મ સમયે ૧૮ થી ૨૦ ઇંચ

  ત્રણ વર્ષે છોકરીની ઊંચાઈ વધુ અંતે છોકરાની વધુ
- હાડકાં : કુલ 270 , સ્થિતિસ્થાપક અને કોમળ
- દાંત : છ માસ પછી શરૂઆત – પહેલા વર્ષે ૮ અને ચાર વર્ષના અંતે ૨૦

# શિશુ અવસ્થાના લક્ષણો

## માનસિક વિકાસ

- પ્રથમ માસથી જ રડવું
- વસ્તુને બે હાથ વડે પકડવી
- છ માસ પછી પોતાનું નામ સમજે
- અવાજનું અનુકરણ કરી શકે
- પ્રેમ અને ગુસ્સાનો ભેડ પાડી શકે
- પ્રથમ વર્ષે પાંચ-સાત શબ્દો બોલે, બે વર્ષના અંતે નાના વાક્યો
- ત્રણ વર્ષે પોતાનું અને પારકાનું ભાન
- ચાર વર્ષે થોડી ગણતરી અને કેટલાક અક્ષરો લખે
- પાંચ વર્ષે તફાવત સમજે : નાનું-મોટું, ભારે હલકું, તીખું-ખાટું
- ભૂલી જવાનું પ્રમાણ વધુ અને તર્ક અસંગત

# શિશુ અવસ્થાના લક્ષણો
## સાંવેગિક વિકાસ

- બે વર્ષ સુધીમાં વિવિધ સંવેદનો અનુભવે જેમકે, ભય, ક્રોધ, આનંદ , પ્રેમ
- સાંવેગિક અસ્થિરતા : રડે અને તરત હસે
- આવેગોની તીવ્રતા વધુ : થોડી તકલીફમાં પણ રડે
- ત્રણ વર્ષ પછી મિત્રો સાથે રમે – પ્રેમ દર્શાવે
- આવેગો રોકી ના શકે, જણાવી દે
- ખાસ પરિચિત પ્રત્યે જ વિશ્વાસ

# શિશુ અવસ્થાના લક્ષણો
## સામાજિક લક્ષણો


- ત્રણ માસ પછી માતાને ઓળખે
- ચાર માસ પછી અન્ય વ્યક્તિને ઓળખે
- બે વર્ષ પછી પ્રાણી જગતમાં રસ
- ત્રણ વર્ષ પછી પોતાના ભાઈ-બહેનને વસ્તુ આપે
- ત્રણ વર્ષ પછી વધુ સામાજિક બને, પાંચ વર્ષે પોતાના મિત્રો બનાવે ..... વસ્તુની આપલે કરે, સાથે રમે, ફરિયાદ પણ કરે

# શિશુ અવસ્થાના વિકાસ કાર્યો
## યુનિ. શિકાગો – રોબર્ટ જે. હેવિગહર્સ્ટે

- ચાલતાં શીખવું – ખોરાક ખાતાં શીખવું
- કુદરતી હાજત પર કાબૂ રાખતા શીખવું
- શારીરિક સમતોલન જાળવતા શીખવું
- પરિચિત સાથે ભાવનાત્મક સંબંધ બાંધે
- સાચાં – ખોટા વચ્ચેનો ભેદ પારખે
- તેમનામાં ધીરજ ના હોય – ઈચ્છે તે તરત માંગે
- જીજ્ઞાસાવૃત્તિ વધુ (પ્રશ્નો પૂછે)
- કલ્પનાશીલ ( રમકડાં સાથે વધુ રમે)
- એકની એક ક્રિયા વારંવાર કરે - અનુકરણવૃત્તિ
- સર્જનાત્મકતા અને સ્વાર્થવૃત્તિ
- જરૂરિયાત માટે પરાવલંબી

# શિશુ અવસ્થા – શૈક્ષણિક ફલિતાર્થ

- બાળકને રસ પડે તેવી રમતો – ક્રિયા – ગણ દ્વારા
- વર્ગનું વાતાવરણ ઘર જેવું લાગે તેવું કરવું
- નકારાત્મક સૂચનોના બદલે હકારાત્મક કરવા
- પ્રેમ, હૂંફ અને પ્રોત્સાહન
- શિક્ષકનું વર્તન આદર્શ રાખવું – બાળકો અનુકરણ કરશે
- શારીરિક શિક્ષા નહિ, પ્રેમથી સમજથી કામ લેવું
- મોટા અવાજે – ગુસ્સાથી વાત ના કરવી
- ઇન્દ્રિયો કેળવાય તેવી પ્રવૃત્તિ – રંગ, માટી (પ્લેડો)
- હાથપગ સક્રિય રહે તેવી પ્રવૃત્તિ આપવી
- અભિનયગીત, ચિત્રકળા
- પરીકથા અને વાર્તા કહેવી ( કલ્પનાશીલ હોય છે માટે)
- ઔપચારિક કરતાં અનૌપચારિક શિક્ષણ આપવું




# કિશોરાવસ્થા

## ૯ થી ૧૨ વર્ષ







# કિશોરાવસ્થાનાં લક્ષણો

## શારીરિક લક્ષણો

- વજન: ઝડપી વધારો – છોકરા કરતાં છોકરીમાં વધુ
- ઊંચાઈ: શરૂઆતમાં છોકરીની ઊંચાઈમાં ઝડપી વધારો અંતે છોકરાઓમાં વધુ
- હાડકાં : લગભગ ૩૫૦ જેટલાં – સખત બને છે
- દાંત : કાયમી ૩૨ દાંત આવી જાય છે.
- છોકરીના ખભા અને નિતંબ પહોળાં, પગ ટૂંકા અને વળેલાં

# કિશોરાવસ્થાનાં લક્ષણો
## માનસિક લક્ષણો

- છ વર્ષની ઉંમરે ગણતરી કરી શકે, ફળ, પ્રાણી વગેરેના નામ જણાવે
- સાત વર્ષે બે વસ્તુ વચ્ચે ભેદ પાડે, પ્રશ્નોના જવાબ ગણતરી કરીને આપે
- આઠ વર્ષે વાર્તા કરી શકે, મૌખિક નાની ગણતરી કરી શકે
- નવ વર્ષે સમય જણાવી શકે
- દસ વર્ષે હરવા ફરવાનું ગમે, તેનો રસ બદલાય છે
- બાર વર્ષે તર્કશક્તિમાં વધારો, નિરીક્ષણ કરીને જાતે માહિતી મેળવે

# કિશોરાવસ્થાનાં લક્ષણો
## સાંવેગિક વિકાસ

- આવેગો પર કેટલાક અંશે કાબૂ
- વાતાવરણ મુજબ સંવેગો રજૂ કરે
- સ્વમાન કે ઈર્ષા જેવા ગુણો આવે
- આનંદ- ઉત્સાહમાં સમય પસાર કરવો ગમે
- ટી.વી., ફિલ્મ જોવા ગમે, ઘરબહાર રમવા જાય
- તેનું ધ્યાન દોરવાથી તેની ભૂલોનો અફસોસ થાય છે
- કેટલાક અંશે ઉતાવળું કામ કરે

# કિશોરાવસ્થાનાં લક્ષણો

## સામાજિક વિકાસ

- મિત્રો સાથે રમવું ગમે
- અંતર્મુખીમાંથી બહિર્મુખી બને
- સામાજિક બને છે
- પરિચિત માટે લાગણી દર્શાવે
- સંગ્રહવૃત્તિ પ્રબળ બને
- અન્યનું અનુકરણ કરવા પ્રેરાય
- વિજાતીય વ્યક્તિ સાથે મિત્રતા ગમતી નથી
- વારંવાર અપાતી સલાહ ગમતી નથી
- ગુસ્સો ઝડપી આવે અને ખોટું પણ ઝડપી લાગે
- સ્વાવલંબી બને
- લડાયકવૃત્તિ ( મિત્રો સાથે વારંવાર ઝગડે)
- વીરપૂજા ગમે , અને બીજાને ન ગમતું ના કરે

# કિશોરાવસ્થાનાં શૈક્ષણિક ફલિતાર્થો

- સંઘપ્રવૃત્તિ કરાવવી – સમૂહ પ્રાર્થના, પ્રવાસ કેટલીક રમતો
- મૂલ્યોનું સર્જન થાય તે માટે ઉદાહરણો – વાર્તા – પ્રસંગો
- વીરપૂજાને ધ્યાનમાં રાખી એ રીતની વાર્તા, ગીતો, ફિલ્મ
- બધાં જ બાળકો શિક્ષણ લે, શાળા ના છોડે તેમ કરવું
- શારીરિક સ્વચ્છ રહે તે માટે પ્રેરણા આપવી
- સુટેવો વિકસે તે માટે પ્રેરણા આપવી
- શરૂઆતમાં અભિનય ગીત અને અંતે વાર્તા સ્પષ્ટ કહે તેવા પ્રયત્નો
- નિરીક્ષણ શક્તિનો વિકાસ થાય તેમ કરવું
- જૂથપ્રવૃત્તિને પ્રોત્સાહન – જૂથનેતા બનવાની તક

આભાર ..............